Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૪ મું ] [ અંક ૧૨ મો.

આશ્વિન

ઇ. સ. ૧૯૪૮ ૫ મી ઓકટોબર

વીર સં. ૨૪૭૪ વિક્રમ સં. ૨૦૦૪

પ્રગટકર્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ રૂ. ૧-૧૨-૦

| પુસ્તક ૬૪ મું<br>અંક ૧૨ મો. | આશ્વિન | વીર સં. ૨૪૭૪<br>વિ. સં. ૨૦૦૪ |
|---|---|---|

## अनुक्रमणिका


| | | | |
|---|---|---|---|
| ૧. | મૃત્યુનો ભય ... ... | ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૨૮૭ |
| ૨. | પરમ મંગળ શ્રી નવપદજી આરાધન... | ( મગનલાલ મોતીચંદ શાહ ) | ૨૮૮ |
| ૩. | કર્મવાદ : ૨... ... ... | ( શ્રી જીવરાજભાઇ ઓધવજી દોશી ) | ૨૯૦ |
| ૪. | મંગળમય મૃત્યુદેવતા ... ... ... | ( શ્રી બાલચંદ હીરાચંદ ) | ૨૯૫ |
| ૫. | મનુષ્ય જીવનની સાર્થકતા ... ... .. | ( અનુ૦ અભ્યાસી ) | ૨૯૮ |
| ૬. | પ્રભુ મહાવીર અને રાજા શ્રેણિક... | ( ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ ) | ૩૦૧ |
| ૭. | "कुलक" संज्ञक जैन रचनाएं : ३ ... | ( શ્રી અગરચંદજી નાહટા ) | ૩૦૫ |
| ૮. | વાર્ષિક અનુક્રમણિકા ... ... ... ... ... ... | | ૩૧૧ |


### જૈન શારદાપૂજન વિધિ.

"જૈન" વિધિ પ્રમાણે વહીપૂજન કરવું તે જ યોગ્ય છે. વિધિમાં પ્રાચીન સ્તોત્ર અર્થ સાથે છપાવવામાં આવેલ છે. શ્રી ગૌતમસ્વામીના છંદો પણ સાથોસાથ આપવામાં આવેલ છે, તો દીપોત્સવી જેવા શુભ દિવસે આ માંગલિક વિધિ પ્રમાણે પૂજન કરવું હિતાવહ છે વાંચવી સુગમ પડે તે માટે ગુજરાતી ટાઇપમાં છપાવવામાં આવી છે. પ્રચાર કરવા લાયક આ પુસ્તિકાની કિંમત એક આનો : :

સો નકલના રૂ. સાડા પાંચ.

લખો :—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.

## અભિનંદન.

સેવાભાવી કાર્યકર તરીકે નામના પ્રાપ્ત કરનાર આપણી સમાજના કેટલાક ગૃહસ્થોને મુંબઇની રાષ્ટ્રીય સરકારે તેમની સેવાના બહુમાન નિમિત્તે આ વર્ષે જે. પી. તેમજ ઓનરરી માજીસ્ટ્રેટ( H. M. )નો માનવંતો ઇલ્કાબ આપ્યો છે. આ પૈકી નીચેના ગૃહસ્થો આપણી સભાના સભાસદ છે, તેથી તે ગૃહસ્થોને અમે અંતઃકરણપૂર્વક અભિનંદન આપીએ છીએ અને તેઓ વિશેષ ને વિશેષ સેવાભાવ વિકસાવી જનકલ્યાણ સાધે એવી આશા રાખીએ છીએ.

ગાંધી વાડીલાલ ચત્રભુજભાઇ, શાહ મોહનલાલ તારાચંદ, શ્રી પ્રસન્નમુખ સુરચંદભાઇ બદામી બાર એટ લૉ, શ્રી કકલભાઇ ભુદરભાઇ વકીલ, શાહ શાંતિલાલ હીરાલાલ અમૃતલાલ, શાહ મૂળજીભાઇ દુર્લભદાસ.

For Private And Personal Use Only




પુસ્તક ૬૪ મું.
અંક ૧૨ મો

: આશ્વિન :

વીર સં. ૨૪૭૪
વિ. સં. ૨૦૦૪

# મૃત્યુનો ભય

[ શ્રી અરવિંદ ઘોષના The fear of Death પરથી સૂચિત ]

યથેચ્છ વિહરતા જીવનબાગમાં, મૃત્યુભયથી શું ડરે ?
ઓ માનવી ! તું શું ડરે ? એ માનવી ! તું ક્યાં ડરે ? ૧
વ્યાપૃત રહેલા શ્વાસશ્વાસે, મૃત્યુથી તું ક્યાં ડરે ?
હસ્તે મુખડે ભેટતાં, ઓ માનવી ! તું શાં ડરે ? ૨
ગુલાબવર્ણી હસતી રમતી, પ્રેમાળ સુંદર સુંદરી;
વિતાનમાં ફરતી પ્રફુલ્લિત મધુર પુષ્પો ચૂંટતી. ૩
તું શું ડરે આ સુંદરીથી ? જે દિવ્ય દ્વારો ખોલતી;
આત્મ પ્રત્યક્ષ પરમ જ્યોતિર્લોકને કરાવતી. ૪
ગર્ભની સુકુમાર અંગુલીઓ, શું ડાંખળી વેદાતી નથી ?
રમ્ય રોપા પુષ્પ ચૂંટતાં, નિસ્તેજ નિરૂપ થતા નથી. ૫
સ્થૂળ દૃષ્ટિએ આ છે બધું; સૂક્ષ્મ દૃષ્ટિએ નિહાળતાં,
અનંતતાના પ્રવેશદ્વારે, મૃત્યુ તો પરિચારિકા. ૬
જે જીર્ણું વસ્ત્ર પરહરીને, નવીનનો દેનાર છે,
એ મૃત્યુથી હે માનવી ! તું શા ડરે ? તું ક્યાં ડરે ? ૭

શ્રી જીવરાજ ઓ. દોશી

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમમંગળ શ્રી નવપદજી આરાધન.

## ( ક્રમિક આરાધ્ય આત્મપદો )

રાગ--ક્યાંથી આ સંભળાય મધુર સ્વર, ક્યાંથી આ સંભળાય.

નવપદ મંગળ માળ ભવિ જીવ, નવપદ મંગળ માળ;
આરાધો ધરી ભાવ ભવિ જીવ, નવપદ મંગળ માળ. એ ટેક.

—: અરિહંત પદ. :—

પ્રથમ પદમાં દેવ અરિહંત, બાર ગહાગુણ ધાર;
રાગ દ્વેષનાં બીજો હણીને, જીત્યા મોક્ષના દ્વાર. ભવિ જીવ૦ ૧
અષ્ટ પ્રાતિહાર્ય શોભે પ્રભુને, લોકાલોકપ્રકાશ;
પરદ્રવ્યની પ્રીતિ તોડીને, પામ્યા આત્મપ્રકાશ. ભવિ જીવ૦ ૨
યોજનગામિની વાણી સુણી, સકળ જીવો હરખાય;
નય નિક્ષેપ પ્રમાણમાં પૂરી, વાદીનો મદ હરનાર. ભવિ જીવ૦ ૩
ગહાગોપ મહામાહણ ઉપમા, સાર્થવાહ સુખકાર;
અપાર કરુણા ભરી પ્રભુમાં, દર્શનથી દુઃખ જાય. ભવિ જીવ૦ ૪

—: સિદ્ધ પદ. :—

બીજે પદે શ્રી સિદ્ધ નિરંજન, અગુરુલઘુ ગુણ આઠ;
જ્ઞાન દર્શનના શુદ્ધ સ્વરૂપે, પામ્યા પદ નિર્વાણ. ભવિ જીવ૦ ૫
અક્ષય અગોચર અનંત જ્ઞાની, સિદ્ધ સ્વરૂપ અનૂપ;
સાદિ અનંત સ્થિતિ સિદ્ધની, અખંડ જ્યોતિ રૂપ. ભવિ જીવ૦ ૬

—: ગણધર પદ. :—

બાવન ગુણ યુક્ત પદ છે મોટું, સાધુજીના શિરદાર;
દ્વાદશાંગીની સાર ગુંથણી, ગણધરજીની ગણાય. ભવિ જીવ૦ ૭
આગમધારી નિર્મળ જ્ઞાની, ચૌદ પૂર્વ શ્રુત ધાર;
અધ્યાત્મ રસના આ ગહાયોગી, સ્વરૂપમાં રમનાર. ભવિ જીવ૦ ૮

—: આચાર્ય પદ :—

ત્રીજું મહાપદ આચાર્યવરનું, છત્રીશ ગુણ નિધાન;
શાસન રથના સારથી થઇને, વહે ધર્મનો ભાર. ભવિ જીવ૦ ૯



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સારણાદિક કળાકૌશલ્યથી, સંઘના રક્ષણહાર;
પંચ પ્રસ્થાને વિરાજિત જે, અકલુષ અચળ અમાય. ભવિ જીવ૦ ૧૦
દુર્ગતિમાં પડતા જીવના, તારણહાર ગણાય;
સ્વરૂપ ધ્યાને સુવર્ણ વર્ણે, આચાર્યજી ઓળખાય. ભવિ જીવ૦ ૧૧

—: ઉપાધ્યાય પદ. :—

નીલવર્ણા ઉપાધ્યાયજી, ગુણ પચીશના નાથ;
મૂળ સૂત્રને ભણે ભણાવે, અંગ ઉપાંગના જાણ. ભવિ જીવ૦ ૧૨
પાઠકના ઉપનામથી શોભે, સંવેગ સમાધિ ધાર;
સૂત્રદાનમાં શૂરા ગણાયા, ઉપાધ્યાય ગુણવાન. ભવિ જીવ૦ ૧૩
દેશના જેની શીતળ અતિશે, ભાવના ચંદન જાણ;
પથ્થરને પણ સમ બનાવે, ભવ ત્રીજે મોક્ષ પ્રમાણ. ભવિ જીવ૦ ૧૪

—: સાધુ પદ :—

શ્યામ વર્ણાકૃતિ સાધુજીની, શાસ્ત્ર પૂરે શાખ;
બાહ્યાભ્યન્તર ગ્રંથી તજીને, કરે સ્વરૂપમાં વાસ. ભવિ જીવ૦ ૧૫
સત્તાવીશ શુભ ગુણથી શોભે, પાળે પંચાચાર;
અષ્ટ પ્રવચન માતના ધારક, ચારિત્ર નિરતિચાર. ભવિ જીવ૦ ૧૬
જ્ઞાને કરી સમભાવને સેવે, પરભાવથી રહે દૂર;
ઉત્કૃષ્ટ વૈરાગ્ય નિવાસી, ભેદે કર્મનાં પૂર. ભવિ જીવ૦ ૧૭
પંચેન્દ્રિય કષાયોને રોકી, શાંતિ સુખ નિધાન;
સહસ્ર અઢાર શીલાંગના ધોરી, મુનિ વંદું ગુણવાન. ભવિ જીવ૦ ૧૮

—: જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ પદ. :—

"જ્ઞાન" ચેતનાથી મોક્ષ મળે છે, જો થાય "દર્શન" સ્થિર;
શુદ્ધોપયોગે જીવને જોડે, "ચારિત્રે" દઢ વીર. ભવિ જીવ૦ ૧૯
બાર ભેદે ઉગ્ર "તપ" તપીને, બાળે અંતરનાં કલેશ;
દુર્ઘટ, કર્કશ કર્મને કાપે, જ્યાં ન રહે દુઃખ લેશ. ભવિ જીવ૦ ૨૦
ગાઓ ભવિ જીવ પરમ ઉલ્લાસે, સિદ્ધચક્ર ગુણગાન;
શુભ જન્મનું સાર્થક કરવા, નવપદનું ધરો ધ્યાન. ભવિ જીવ૦ ૨૧
નવપદની નવવિધ સાધના, પરમ મંગળ આવાસ;
શ્રી સિદ્ધચક્રના આરાધનથી, પામ્યા સુખ "શ્રીપાલ" ભવિ જીવ૦ ૨૨

મગનલાલ મોતીચંદ શાહ-વઢવાણ કેમ્પ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# कर्मवाद ।

## ( २ )

લેખક:—શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી

શ્રી જૈન ધર્મ પ્રકાશના શ્રાવણ માસના અંકમાં કર્મવાદ ઉપર એક લેખ મેં લખેલ છે, તેમાં 'કર્મ'નું સામાન્ય સ્વરૂપ બતાવેલ છે. કર્મવર્ગણાના પુદ્‌ગલો ઉપર જીવના અધ્યવસાયની ક્રિયા થાય એટલે તે પુદ્‌ગલો 'કર્મ'ની સંજ્ઞાને પામે છે. જેમ પોલાદ ઉપર વિદ્યુતશક્તિનો સંચાર થાય છે ત્યારે તે પોલાદ લોહચુંબક બને છે, અને તેમાં આકર્ષણ પ્રત્યાકર્ષણની શક્તિ આવે છે, તેમ રાગાદિ જીવના અધ્યવસાયની કર્મ પુદ્‌ગલો ઉપર ક્રિયા થવાથી 'કર્મ'માં આકર્ષણ પ્રત્યાકર્ષણની શકિત આવે છે.

આ લેખમાં 'કર્મ'નુ સ્વરૂપ વિશેષ વિસ્તારથી બતાવવામાં આવે છે, અને તે માટે બીજા ગણધરવાદના ભાષ્ય અને સંસ્કૃત વૃત્તિનો આધાર લેવામાં આવ્યો છે. અહીં જૈન દર્શને પ્રરૂપેલ કર્મના અસ્તિત્વની સાબિતિ, કર્મનું સ્વરૂપ અને કર્મ અને કર્મફળ વચ્ચેના સંબંધનો મુખ્યત્વે વિચાર કરવામાં આવે છે.

**કર્મનું અસ્તિત્વ:**—કર્મ પૌદ્‌ગલિક છે, જીવના મિથ્યાત્વાદિ અધ્યવસાયને પરિણામે કર્મ બને છે. તે કર્મ એક વસ્તુસ્વરૂપ છે, ફકત એક નિયમ કે કાલ્પનિક નથી, અર્થાત્ કર્મને વસ્તુતા objective existence છે, કર્મ ફકત એક નિયમ-law નથી, તેમ કર્મનું અસ્તિત્વ ફકત conceptual માનસિક નથી. સવાલ એ ઊભો થાય છે કે-જો કર્મ એક વસ્તુ છે, તો જેમ બીજી વસ્તુઓ પ્રત્યક્ષાદિ પ્રમાણ-સિદ્ધ છે તેમ કર્મ કેમ નથી? આ સંદેહ બીજા ગણધર અગ્નિભૂતિના મુખમાં મૂકી ભગવાન મહાવીર ખુલાસો કરે છે કે-હે આયુષ્યમાન્ અગ્નિભૂતિ! કર્મ પ્રત્યક્ષાદિ પ્રમાણસિદ્ધ છે. ભગવાન કહે છે કે-કર્મ મને પ્રત્યક્ષ જ છે. એકને જે વસ્તુ પ્રત્યક્ષ હોય તે બીજાને પ્રત્યક્ષ હોવી જોઈએ એવો નિયમ નથી; બીજું કર્મનું અસ્તિત્વ અનુમાન વિગેરે પ્રમાણોથી સાબિત થાય છે. જગતમાં નિયમ છે કે-દરેક કાર્યને કારણ હોવું જોઈએ, જૂદા જૂદા વૃક્ષો વિગેરે વનસ્પતિઓ જોવામાં આવે છે, તેના જૂદા જૂદા પ્રકારના બીજો કારણરૂપ દૃશ્ય થાય છે, તેમ જૂદા જૂદા દેહો પ્રાણીઓના જોવામાં આવે છે. મનુષ્યોમાં પણ કોઇ ઊંચો, કોઈ નીચો, કોઇ કાળો, કોઇ ધોળો, કોઇ સર્વ ઇંદ્રિયોસંપન્ન તો કોઈ આંધળોપાંગળો, મૂંગો-બહેરો જોવામાં આવે છે. દેહોની ભિન્નતા-વિધવિધતાના કારણો હોવા જોઇએ. ભૌતિક જગતમાં જેમ કાર્યકારણવાદ સર્વત્ર વ્યાપેલો જોવામાં આવે છે, તેમ માનસિક અને નૈતિક-આધ્યાત્મિક જગતમાં પણ તેવો નિયમ હોવો જોઇએ. કોઇ અક્કલ વિનાનો કોઈ બુદ્ધિશાળી, કોઇ સુખી, કોઈ દુઃખી જગતમાં જોવામાં આવે



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે, તેનું પણ કારણ હોવું જોઇએ. ભૌતિક જગતમાં વિધવિધ કાર્યોના કારણો કેટલાક આપણે પ્રત્યક્ષ જોઈએ છીએ, કેટલાક વિજ્ઞાનના પ્રયોગોદ્વારા પ્રત્યક્ષ થાય છે, એટલે આપણે ભૌતિક જગતમાં કાર્યકારણવાદ માનીએ છીએ. માનસિક અને આધ્યાત્મિક જગતમાં પણ કાર્યકારણવાદ હોવો જોઇએ તે માનવામાં આપણને સંદેહ પડે છે, પરંતુ જે દેહોમાં વિવિધતા, સુખદુઃખમાં ભિન્નતા જગતમાં જોવામાં આવે છે, તેનો બીજો કોઇ ખુલાસો બુદ્ધિગ્રાહ્ય નથી. એમ કહેવામાં આવે કે માણસ કાળો કે ધોળો હોય, ઉંચો કે નીચો હોય તેનું કારણ તેના માવતરના શરીરને આધીન છે. આ ખુલાસો સર્વત્ર માન્ય નથી. એક જ માવતરની સંતતિના રૂપરંગમાં ફેર જોવામાં આવે છે. દેહો તો ભૌતિક છે એટલે કદાચ તેનું ભૌતિક કારણ માવતરના શરીર કહી શકાય, પણ માનસિક અને નૈતિક જગતમાં તો કહેવું મુશ્કેલ છે. એક જ માવતરના છોકરાંઓમાં એક બુદ્ધિશાળી અને બીજો અક્કલહીન જોવામાં આવે છે; એક સુખી અને બીજો દુઃખી જોવામાં આવે છે, એટલે દેહાદિની વિવિધતા અને સુખદુઃખની ભિન્નતામાં બીજું અંતર્ગત કારણ કારણ માનવું જોઇએ. તે કારણ ' કર્મ ' છે. કર્મ અદૃષ્ટ કારણ છે. કોઇ એવી શંકા કરે કે દરેક કાર્યનું દૃષ્ટ કારણ જોવામાં આવે છે, પુષ્પ ચંદન આદિ સુખના કારણ છે, વિષ સર્પ વિગેરે દુઃખના છે તો પછી ' કર્મ ' જેવું અદૃષ્ટ કારણ શા માટે માનવું જોઇએ ? આ શંકા વિચાર કરતાં વ્યાજબી જણાતી નથી. સુખ દુઃખના સમાન સાધનો મળ્યાં છતાં કોઈવાર એકને સુખ થાય છે ત્યારે બીજાને તે જ સાધનો દુઃખરૂપે પરિણમે છે. શાસ્ત્રમાં કહ્યું છે કે–અમૃત કોઇવાર વિષ બને છે અને વિષ કોઇવાર અમૃત બને છે.

તાજેતરમાં જ બનેલો પ્રત્યક્ષ જોયેલો અને અનુભવેલો મારા જ ઘરનો એક દાખલો વાંચકો પ્રત્યે રજૂ કરવાની મારી લાગણીને હું રોકી શકતો નથી. મારો પૌત્ર પચીશ છવીશ વર્ષની ઉંમરનો છ મહિના પહેલાં ડાક્ટરની એલ. સી. પી. એસ. પરીક્ષામાં પાસ થયેલ, મુંબઇમાં સર હરકીસનદાસ હોસ્પીટલમાં હાઉસ મેન–દવાખાનાના ડાક્ટર તરીકે કામ કરતો હતો, થોડા દિવસથી તેને સામાન્ય મેલેરીઆ તાવ આવતો હતો, શરીરમાં શક્તિ રહે માટે તેને ગ્લુકોઝનું એક ઇન્જેકશન આપવામાં આવ્યું. પહેલે દિવસે તો તેની કાંઇ માઠી અસર થઇ નહિ. બીજે દિવસે હરતોફરતો, વાતચીત કરતો હતો, હાથે કાગળ લખ્યા હતા. સાંજના સાત સાડાસાતે શક્તિ માટે જ ગ્લુકોઝનું બીજું ઇંજેકશન આપવામાં આવ્યું હતું. મોઢેથી ગ્લુકોઝ ખુશીથી લઇ શકે તેમ હતું છતાં તાત્કાલિક સારી અસર થાય માટે નસમાં ( Intravenous ) આપવામાં આવ્યું. થોડી વારમાં જ તે બેભાન થઇ ગયો, તાવ ૧૦૭-૧૦૮ સુધી વધી ગયો અને હોસ્પીટલમાં સારામાં સારા ડાક્ટરોએ શક્ય તેટલા ઇલાજો કર્યા છતાં છ એક કલાકમાં તેણે પ્રાણ છોડયા અને અમને સૌને રોતાં મૂકી ચાલ્યો ગયો. ગ્લુકોઝ ઇંજેકશન તો અમૃતસમાન

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ગણાય છે, મરતા માણસને પણ નવો પ્રાણ આપે છે, છતાં આ કેસમાં તે વિષરૂપે પરિણમ્યું. ડાકટરોનું કહેવું એવું હતું કે–તેને નસમાં આ ઇન્જેકશન આપવાની કાંઇ જરૂર ન હતી. તેને ઇંજેકશન ન આપ્યું હત તો તેનું મરણ થવા કાંઇ કારણ ન હતું. આવા સેંકડો ઇંજેકશનો હોસ્પીટલમાં રોજ અપાય છે. તેણે પોતે પણ ઘણાને આપ્યા હતા. જે ઇંજેકશન તેને આપવામાં આવ્યું તેની બનાવટમાં કાંઇ વિકૃતિ થવી જોઇએ, એટલે આવું પ્રાણઘાતક પરિણામ આવ્યું. સવાલ એક જ થાય છે કે–દરરોજ અપાતા સેંકડો ઇંજેકશનોમાં આના નસીબમાં જ કયાંથી આવું વિકારવાળું ઇંજેકશન આવ્યું, જે બાબતનો બીજો કોઇ ખુલાસો થઇ શકતો નથી. એક જ થઇ શકે કે–તેનું આયુષ્યકર્મ પૂરું થયું એટલે અમૃત ગણાતું ઇંજેકશન વિષરૂપે પરિણમી તેના મૃત્યુનું નિમિત્ત બન્યું. આ દાખલા ઉપરથી જણાય છે કે સુખદુઃખના સમાન કારણો હોવા છતાં, એકને સુખરૂપે અને બીજાને દુઃખરૂપે જે પરિણામ પામે છે તેનું કાંઇ અદૃષ્ટ કારણ હોવું જોઇએ. કર્મ એ જ તે અદૃષ્ટ કારણ છે. બીજી દલીલ એવી કરવામાં આવે છે કે–જેમ યુવાન શરીરની પહેલા બાળ શરીર હોય છે, તેમ બાળ શરીરની પહેલા પણ બીજું શરીર તેના કારણ રૂપે હોવું જોઇએ. મૃત શરીર નવા જન્મતા બાળકના શરીરનું કારણ ન હોઇ શકે, કારણ તે શરીર તો ભસ્મીભૂત થયેલ હોય છે અને એક જન્મમાંથી બીજા જન્મમાં જતાં અંતરાલે જૂનાં ઔદારિક શરીરનું અસ્તિત્વ હોતું નથી એટલે બાળ શરીરના પૂર્વે જે બીજું શરીર છે તે કર્મ જ છે અર્થાત્ કાર્મણ શરીર છે. જીવ જન્માંતરમાં કાર્મણ શરીર યુક્ત જ હોય છે અને તે કાર્મણ શરીરદ્વારા જ જીવ નવા શરીરની રચના કરે છે.

કારણને આશ્રીને કર્મની સિદ્ધિ ઉપરના ભાગમાં કરવામાં આવેલ છે. હવે કાર્યને આશ્રીને કર્મની સિદ્ધિ કરવામાં આવે છે. જગતમાં ચેતનારબધા–બુદ્ધિપૂર્વક કરેલ દરેક ક્રિયા ફળ આપતી જોવામાં આવે છે. ભૌતિક જગતમાં તો આ પ્રત્યક્ષ દેખાય છે. ખેડ માટે ક્રિયા કરવામાં આવે છે એટલે ખેતીની નીપજ ઉત્પન્ન થતી જોવાય છે. તે પ્રમાણે નૈતિક અને આધ્યાત્મિક જગતમાં પણ દરેક ક્રિયા ફળવાળી હોવી જોઇએ. દાનાદિ શુભ ક્રિયા અને હિંસાદિ અશુભ ક્રિયાનું પણ ફળ અવશ્ય હોવું જોઇએ. કોઇવાર કૃષિ આદિ ક્રિયા અફળ થતી જોવામાં આવે છે, તેમાં નિયમમાં વ્યભિચાર નથી, પણ તે ક્રિયા કરવામાં સાચી સમજણનો અને સામગ્રીનો અભાવ હોવાથી તે નિષ્ફળ જાય છે. દરેક માણસ અમુક ફળ મેળવવાના હેતુથી ખેડ વિગેરે ક્રિયા કરે છે, અને સહકારી કારણો સાંપડેલ હોય તો તે ક્રિયાનું ફળ અવશ્ય મળે છે. ભૌતિક જગતમાં જે નિયમ છે કે–ક્રિયાનું ફળ અવશ્ય હોવું જોઇએ તે જ નિયમ નૈતિક જગતને પણ લાગુ પડે છે. દાનાદિ ક્રિયાનું શુભ ફળ મળવું જોઇએ, અને હિંસાદિ ક્રિયાનું અશુભ ફળ મળવું જોઇએ. શુભ ફળ તે સુખ છે અને અશુભ ફળ તે દુઃખ છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શુભ ક્રિયાથી શુભ ફળ-સુખ મળવું જોઈએ, અને અશુભ ક્રિયાથી અશુભ ફળ-દુઃખ મળવું જોઇએ એ એક સિદ્ધાંત તરીકે વ્યાજબી જણાય છે છતાં વ્યવહારમાં તે પ્રમાણે જોવામાં આવતું નથી. એટલે આ સિદ્ધાંત ઘણાને ગળે બેસતો નથી. ઘણા તો નિયમની શંકા કરે છે, ઘણા તે નિયમનો સ્વીકાર કરતા નથી. જગતમાં દયા દાન આદિ શુભ ક્રિયા કરનારા કેટલાક દુઃખી જોવામાં આવે છે, ત્યારે હિંસા આદિ કુકર્મો કરનારા સુખી જોવામાં આવે છે. શાસ્ત્રકારો આ શંકાનો સ્પષ્ટપણે ખુલાસો કરે છે કે-શુભ ક્રિયાનું ફળ શુભ કર્મ બંધાય છે, જ્યારે અશુભ ક્રિયાનું અશુભ કર્મ બંધાય છે. આ કર્મ અદૃષ્ટ છે. તે કર્મનું ફળ તાત્કાલિક મળવું જોઇએ એવો કાંઇ નિયમ નથી. લૌકિક જગતમાં પણ ઘણી ક્રિયાનું ફળ મળતાં લાંબો વિલંબ થતો જોવામાં આવે છે. કેરીનું ગોટલું વાવ્યું કે તરત આંબો થઇ કેરીનું ફળ મળતું નથી. તેમ બાંધેલ કર્મ તાત્કાલિક ફળ આપતું નથી. કર્મ બાંધતી વખતે જ કર્મની પ્રકૃતિ અને સ્થિતિ નક્કી થાય છે. કેટલાંક કર્મો થોડા વખતમાં ફળ આપે છે, જ્યારે કેટલાક લાંબે કાળે ફળ આપે છે, એટલું જ નહિ પણ ભવાંતરે પણ ફળ આપે છે. એટલે દાનાદિ શુભ ક્રિયા કરનાર જગતમાં દુઃખી જણાય અને હિંસાદિ અશુભ ક્રિયા કરનાર સુખી દેખાય, તે તેના પૂર્વના બાંધેલ કર્મોને આભારી છે. હિંસક મનુષ્યની સમૃદ્ધિ અને દયા દાન કરનારની દરિદ્રતા પૂર્વે કરેલા પાપાનુબંધી પુણ્યકર્મ અને પુણ્યાનુબંધી પાપકર્મને આભારી છે, હિંસા કે દયાદાનની ક્રિયાના કર્મ કોઇ વાર અફળ જતાં નથી; જન્માંતરે પણ તે ક્રિયાના ફળ ભોગવવાનાં જ છે.

કોઇ એવી શંકા કરે કે-દાનાદિ શુભ ક્રિયાનું ફળ મનઃપ્રસાદ-આત્મસંતોષ મળે છે, જે દૃષ્ટ ફળ છે તો પછી અદૃષ્ટ ફળ-કર્મને શા માટે માનવું જોઇએ? જે ક્રિયાનું ફળ દૃષ્ટ હોય ત્યાં અદૃષ્ટ માનવાનું કાંઇ કારણ નથી. શાસ્ત્રકાર કહે છે કે-મનઃપ્રસાદ પણ એક ક્રિયા છે, તેનું ફળ પણ હોવું જોઇએ. તેનું જે ફળ તે કર્મ છે. દાનનું દૃષ્ટ ફળ મનઃપ્રસાદ છે, અને મનઃપ્રસાદનું ફળ કર્મ છે. એટલે અહીં કારણના કારણમાં કારણનો ઉપચાર છે. જે ક્રિયાનું ફળ દૃષ્ટ હોય તેનું બીજું અદૃષ્ટ ફળ કર્મરૂપી ન હોય તેમ માનવું વ્યાજબી નથી. તેમ માનવાથી પશુહિંસા કરવાથી માંસભક્ષણ મળે અને ક્રિયાનું ફળ સમાપ્ત થઇ જાય, એ વાત કોઇને સમ્મત થશે નહિ. પ્રાણીઓ, ક્રિયાઓ કરે તેનું ફળ દૃષ્ટ મળે અને પછી ક્રિયાઓનું બીજું કાંઇ શુભ કે અશુભ કર્મ ન બંધાય અને તેનાં ફળ તે પ્રાણીઓને ભોગવવાનાં ન રહે તો, સંસારનો વિચ્છેદ થઇ જાય. આવાં કર્મ કરનારાઓને બીજાં ફળ ભોગવવાના ન રહેવાથી સર્વે મુક્ત થઇ જાય; અને સંસાર શૂન્ય થઇ જાય. જગતમાં આવી સ્થિતિ પ્રવર્તતી જોવામાં આવતી નથી, અનેક જીવો દુઃખ ભોગવતા જોવામાં આવે છે, અને સંસાર પ્ર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનાદિ અનંત ચાલ્યો આવે છે, એટલે સંસારની અનંતતાનું કારણ સિદ્ધ કરવા દૃષ્ટ ફળ ઉપરાંત અદૃષ્ટ ફળ-કર્મ અર્થાપત્તિ ન્યાયે માનવાનું રહે છે. અદૃષ્ટ કર્મ-સત્તા માન્યા વિના અનંતસંસારજીવસત્તા ઘટી શકતી નથી.

એક એવી પણ દલીલ કરવામાં આવે કે-માણસો અમુક દૃષ્ટ ફળની આશંસા કરીને-ઇરાદો રાખીને ક્રિયા કરે છે, કૃષિ ક્રિયા કરનાર ધાન્ય મેળવવાના ઇરાદાથી ક્રિયા કરે છે, તેમ પશુહિંસા કરનાર માંસભક્ષણાર્થે ક્રિયા કરે છે, બીજા આશયથી તે ક્રિયા કરતો નથી, તો પછી જે કરવાનો તેને ઇરાદો ન હોય તેનું ફળ તેને કેમ મળે, હિંસા કરનાર અશુભ કર્મ શા માટે બાંધે ? આનો ખુલાસો શાસ્ત્રકારો કહે છે કે-એક અવિકલ-પૂર્ણ કારણ-તેનું કાર્ય ઉત્પન્ન કરવામાં કોઇ કર્તાના ઇરાદાની અપેક્ષા રાખતું નથી. બીજાને ઝેર આપનારનો ઇરાદો મારી નાંખવાનો હોય કે ન હોય તો પણ ઝેર તો તેનું કાર્ય-મારી નાંખવાનું કરે છે જ. એટલે હિંસા કરનારનો ઇરાદો અશુભ કાર્ય બાંધવાનો હોય કે ન હોય તો પણ હિંસાથી માંસ મળે છે તે ઉપરાંત અશુભ કર્મ પણ હિંસા કરનાર બાંધે છે. તેમાં તેના આશયની કાંઇ જરૂર નથી. શાસ્ત્રકાર વિશેષમાં કહે છે કે-દરેક ક્રિયાનું અદૃષ્ટ ફળ કર્મ તો અવશ્ય મળે છે, તે ફળ એકાંતિક છે, દૃષ્ટ ફળ એકાંતિક નથી, તેનું ફળ કોઇવાર મળે, કોઇવાર ન પણ મળે. પશુહિંસા કરનારને માંસ મળે કે ન મળે પણ અશુભ કર્મ તો તે અવશ્ય બાંધે. ટૂંકામાં જગતના પ્રાણીઓના શરીરોમાં જે વિવિધતા જોવામાં આવે છે, માણસોની બુદ્ધિમાં જે તરતમતા જોવામાં આવે છે, અને સુખ દુઃખમાં જે ભિન્નતા જોવામાં આવે છે, તેનું કારણ કાંઇ હોવું જોઇએ, તે કારણ ' કર્મ ' છે. જૂદા જૂદા કર્મોના વિપાકથી જૂદા જૂદા શરીરો રચાય છે, કર્મના ક્ષયોપશમથી જ્ઞાનમાં તરતમતા આવે છે, અને પૂર્વ બાંધેલ શુભ અશુભ કર્મોના ઉદયથી સુખ દુઃખ પ્રાણીઓ ભોગવે છે. એટલું જ નહિ પણ ભૌતિક ઉપચાર સમાન હોવા છતાં એકમાં તે અનુકૂળ રૂપે અને બીજામાં વિપરીત રીતે પરિણમે છે તેનું કર્મ સિવાય બીજું કોઇ કારણ બુદ્ધિગમ્ય નથી. જેમ દરેક કાર્યનું કારણ છે તેમ દરેક કાર્ય-ક્રિયા અપર કાર્યનું કારણ બને છે. કાર્યકારણ સંબંધ સર્વવ્યાપી છે, અર્થાત કર્મનો સિદ્ધાંત વિશ્વવ્યાપી છે.

હવે પછી કર્મના સ્વરૂપનો અને કર્મ તથા તેના ફળના સંબંધનો વિશેષ વિચાર આગળ કરવામાં આવશે.

( અપૂર્ણ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મંગલમય મૃત્યુ દેવતા

( લેખક—શ્રી બાલચંદ હીરાચંદ-માલેગામ )

મૃત્યુનું નામ સાંભળતાં આપણે ધ્રૂજીએ છીએ. મહાન્ આપત્તિની આગાહી જાણી આપણે અત્યંત ખેદ અનુભવીએ છીએ. કોઈનું પણ મરણ સાંભળતાં આપણને દુઃખનો ધક્કો બેસે છે. મરણ કોઈ મહાન્ રાક્ષસ કે શેતાન હશે એવી આપણે કલ્પના કરી બેઠેલા છીએ. નિર્દય, નિર્ઘૃણ, ક્રોધી અને વિચારહીન એવી કોઈ દેવતા અગર વિચિત્ર પ્રાણી હશે એવી કલ્પનાના ગઠેલા આપણે ઘણી બાંધેલા છે. મૃત્યુ નામક કોઈ વ્યક્તિ હશે તો તે કેવી પાપી હશે ? નિત્ય હજારો, લાખો નહીં પણ અનંતાનંત જીવોનો ઘાત કરનાર કાંઈ દયાળુ સંભવે ? એકાદ નાના જીવને જરાપણ કોઈ દુભવે તો આપણને એવા દુભવનાર તરફ તિરસ્કાર છૂટે છે. કોઈ ઘાતકી તરફ તો આપણે કરુણા કે દયાની દૃષ્ટિથી જોઈ પણ શકતા નથી. સારાંશ મૃત્યુ કે તેના અંશને પણ આપણે સારી દૃષ્ટિથી જોઈ શકતા નથી. એનું મુખ્ય કારણ એટલું જ છે કે-આપણે મૃત્યુની પાછળ રહેલ અખંડ પરંપરા જાણી શકતા નથી. મૃત્યુ એ દુર્જનનું નહીં પણ સજ્જનનું કામ કરે છે એ કલ્પના આપણા મગજમાં ઉતરી શકતી નથી. આપણે તો જડ પુદ્ગલના નાશને જ સર્વસ્વ નાશ સમજીએ છીએ અને તેથી જ મૃત્યુ એ આપણા રોષનો વિષય બની પડેલો છે.

વાસ્તવિક રીતે આપણું શરીર કે ખોળિયું આપણે પહેરેલ કોટ, ટોપી કે ધોતીયા જેવું હોય છે, એનો જો અનુભવ થઈ જાય તો આપણે દુઃખ કરવાનું કારણ જ ન રહે. આપણું પહેરણ કે કોટ ફાટી જાય કે મેલો થઈ જાય તો આપણે તરત જ નવું પહેરણ કે નવો કોટ પહેરીએ છીએ અને એમ કરતા આપણને જરા જેવો પણ ખેદ થતો નથી, પણ આપણે ઊલટો સંતોષ અને આનંદ અનુભવીએ છીએ. આજસુધી આપણે કેટલાએ કપડા વાપરી ફેંકી દીધા હોય છે, તેનું આપણે સ્મરણ પણ રાખતા નથી. જૂના કપડાની તો આપણે ખામીઓ જ જોઈએ છીએ અને નવા કપડા સુશોભિત, બંધબેસતા અને ઉપયોગી ગણીએ છીએ. કોઈનું પહેરણ ફાટી જાય અને નવું કરાવવા જેટલી આર્થિક શક્તિ ધરાવતો હોય એવો માણસ ફાટેલ કપડું હાથમાં ઝાલી રડતો બેસે ત્યારે આપણે આવા માણસ તરફ કેવી દૃષ્ટિથી જોઈશું ? તેની મૂર્ખાઈ તરફ આપણે તિરસ્કારની નજરથી જોઈશું કે એવા માણસને ડાહ્યો ગણીશું ? એવી જ રીતે મરણ વખતે એક શરીર છોડી બીજું વધારે કાર્યક્ષમ શરીર જો આપણે મેળવતા હોઈએ તો તેમાં દુઃખનું કારણ શું હોઈ શકે ? જૂના કપડાનો રંગ આપણને ગમતો ન હોય, તેનો ઘાટ આપણને માફક આવ્યો નહીં હોય કે તેનું નરમપણું કે અગવડતાપણું આપણને ગમ્યું ન હોય ત્યારે તેથી વધારે માફક મનગમતું કપડું આપણને માફક આવે અને જોઈએ તેવું ધારેલું કપડું આપણે બનાવરાવીએ તો આપણને સંતોષ થાય અને આપણા વ્યવહારમાં આપણે ફાવી શકીએ. એ જ મુદ્દો આપણા શરીર માટે ધ્યાનમાં રાખવામાં આવે તો મૃત્યુ માટે દુઃખી બનવાનો પ્રસંગ ન આવે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૃત્યુ તો આપણે આ શરીરના સહવાસથી જે ભૂલો કરી હોય, જે ત્રુટીઓ આપણામાં રહી ગએલી હોય તે સુધારવા માટે નવી તક અને નવું સાધન પૂરું પાડવાનું કાર્ય કરે છે. તાવ આવે ત્યારે આપણે દુઃખી થઈએ છીએ પણ વૈદ્યો કહે છે કે—આપણે વગર વિચારે શરીરમાં કચરો ભેગો કરેલો હોય છે તે દૂર કરવા માટે જ તાવ આવે છે. તેમજ મૃત્યુ આપણે જેવા પ્રકારનું આયુકર્મ બાંધેલું હોય છે તેનો જ બદલો આપણને આપે છે. તે નવું કાંઈ કરતો જ નથી. આપણા કલ્યાણ માટે જ તે નવું વધારે સારું શરીર આપણી કૃતિને માફક આવે તેવી તકો આપણા માટે પૂરી પાડવા માટે તે આપણા પ્રસ્તુત શરીરનું વિસર્જન કરે છે. એમાં ખોટું શું છે ? નવું મકાન બાંધવું હોય ત્યારે જૂનું ઘર ભાંગી નાંખનારને આપણે દોષ આપીએ છીએ કે ઊલટું તે જલદી પાડી નાંખી નવા ઘર માટે જગ્યા કરી આપે તે જોવા આપણે ચાહીએ છીએ. મતલબ કે, મૃત્યુ એ આપણો શત્રુ નથી પણ પરમ મંગલ કરનારો મિત્ર કહો, દેવ કહો એવો હિત-ચિંતક છે. તેનાથી આપણે ડરવાનું હોય નહીં. આપણે તો તેના આગમન માટે સદા સજ્જ જ રહેવાનું હોય. આ શરીર કાંઈ છેલ્લું નથી. આવા તો ઘણા શરીરો આપણે છોડી દેવાના છે એ વાત દીવા જેવી સત્ય છે. અજ્ઞાન માણસની પણ ખાત્રી છે કે—આ શરીર અમર નથી. એક દિવસ મૃત્યુ એને વિખેરી નાખશે જ, તો પછી આપણે મૃત્યુ માટે આટલી બધી ગભરામણ શા માટે હોય ?

મૃત્યુ એ વધુ સારું મંગલ થવાનો માર્ગ છે. એનાથી આપણે જે ભૂલો કરીએ છીએ તે સુધારવા માટે સારા પ્રસંગો લાવી મૂકવાનો એક માર્ગ છે. એ યાદ રાખવાથી આપણે વગર કારણે જે દુઃખાનુભવ કરીએ છીએ તે નહીં થાય. મૃત્યુને મંગલમય અને હિતસ્વી ગણવાની બુદ્ધિ કોઈકને જ થાય છે, કારણ કે દરેકના હૃદયમાં પોતાના કૃત્યો માટે શંકા-શીલપણું હોય છે. પોતે કરેલા અણઘટતા કૃત્યો માટે તેને ડંખ હોય છે. ઊંડે ઊંડે પણ પોતાના પાપોનું તેને ભાન હોય છે અને તેને લીધે જ મૃત્યુનું સન્માન કરવાને તે ડરે છે. તેના મનમાં શંકા હોય છે કે, મૃત્યુ પછી આપણે કેવી આપત્તિમાં આવી પડીશું ? દુનિયામાં પણ તે ઉજળે માથે નીડરપણે પોતાના આત્મવિશ્વાસ સાથે ફરી શકતો નથી. પોતાના કૃત્યો કોઈ જોઈ જશે, કોઈ પોતાને દોષિત ગણશે એવી શંકાશીલતામાં તે હમેશ વેદના ભોગવ્યા જ કરે છે. એવા માણસને મૃત્યુનો ભય લાગે એ બનવાજોગ છે. પણ મૃત્યુ પછીના નવા શરીર સાથે વગર છૂટકે દુઃખ તો ભોગવવાનું જ છે, તો પછી તે દુઃખો ભોગવતા રડતા રડતા નવા કર્મો ઉપાર્જન કરવા એમાં લાભ શો ? દુઃખથી ભોગ-વવા કરતા સામા થઈને આનંદથી દુઃખો ભોગવી લેવામાં કેવો આનંદ છે; અને દુઃખની કઠોરતા ઓછી થાય છે એ અનુભવસિદ્ધ વાત છે; માટે દુઃખો માટે અને મૃત્યુ માટે કટિબદ્ધ રહેવું એ શું ઉચિત નથી ? જે જે વસ્તુઓ સાથે આપણો સંસર્ગ થયો હોય તેમાં તદાકાર બનવા કરતા તો તે વસ્તુઓનો સંયોગ કારણવશાત્ થએલો છે જાણી તેની સાથે લપટાવું નહીં જોઈએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



'अहं मम' હું અને મારું સમજતો રહે છે તે જ મૃત્યુથી ડરે છે. દુઃખનું કારણ તેણે પોતે જ નિર્માણ કરેલું છે. એના કારણો આપણે જ નિર્માણ કરવા અને આવા કાલ્પનિક ભૂતોથી આપણે જ ડરવું એના જેવી કઇ મૂર્ખાઇ હોય ? પણ એવી મૂર્ખાઇ આપણે કરીએ છીએ અને વગર કારણે મૃત્યુથી ડરીએ છીએ.

જેણે કાર્યનું પૂરું કરવાનું મનમાં વિચાર્યું નહીં હોય તેને મૃત્યુની બીક હોય જ નહીં. તે તો મૃત્યુને મંગલ દેવતા માની તેનું સ્વાગત કરે છે. વધારે ઉત્સાહથી નૂતન ભવમાં પ્રવેશે છે અને જૂના અનુભવોનો લાભ ઉઠાવી નવી પ્રવૃત્તિ આદરે છે. મતલબ કે—મૃત્યુથી ડરનાર પોતે જ દોષી હોય છે. અને અપરાધી માણસ જેમ ન્યાયાધીશ આગળ જતા ડરે તેમ તે ડરે છે; કારણ કે તેને પોતાના દોષના પરિણામની બીક હોય છે. પણ એની બીક રાખવી એ કેવળ મૂર્ખાઇ છે, કારણ કે તે અનિવાર્ય હોય છે, માટે જ પરિણામો ભોગવી વધુ લાયક બનવાની દરેક કોશીશ કરવી જોઇએ.

પાપ કે પુણ્યનો સરવાળો એકત્ર કરી કર્મશાસનની સત્તાને અનુસરી મૃત્યુ તેના લાયક સ્થાને જવાની તક આપે છે. અજાન બાલકે કરેલ અપરાધ જોઇ માતા તેના પરિણામ વિષે સમજાવી જેમ બાલકને ફરી બહાર કરવા માટે સાવચેતી સાથે તક આપે છે તેવી રીતે જ મૃત્યુ એ માતાનું કાર્ય કરે છે. ત્યારે આપણે મૃત્યુને વેરી નહીં સમજતા હિતકારી સમજવામાં કેટલું ઔચિત્ય છે ?

ખરેખર આપણે મૃત્યુથી ડરતા જ હોઇએ અને ફરી મૃત્યુ ન જ આવે એવી ઇચ્છા હોય તો આપણે તેવી જ તૈયારી કરવાની રહી. જિનેશ્વર દેવે પ્રરૂપિત કરેલ માર્ગે નિવૃત્તિ મેળવી આપણે પોતાનું ધ્યેય નક્કી કરી નાખવું જોઇએ. એમ કરી આપણે મૃત્યુની અર્થાત્ ભવોની સંખ્યા ઓછી કરી શકીએ. પણ એ દરેકને સાધ્ય થવું મુશ્કેલ છે, માટે જ મૃત્યુને મંગલ દેવતા માની તેના પ્રત્યાઘાતોની તીવ્રતા ઓછી કરતા રહીએ તો અનુક્રમે આપણે મૃત્યુના પાશમાંથી મુક્ત થવાના માર્ગે કાંઇક પ્રગતિ કરી શકીએ, માટે જ મૃત્યુને શત્રુ નહીં માનતા તેને આપણે હિતકારી માની, તેની સામે જઇ તેનું સ્વાગત કરતા શીખવું જેથી આપણું દુઃખ કાંઇક ઓછું થાય. •

ગણે ન કોઇ ગરીબને, ધનપતિને સૌ ધાય;
છીંક ખાય જો ધનપતિ, ખમા ખમા કહેવાય.

સહાયક સબળાનું સહુ, નિર્બલનું ન સહાય;
પવન જલાવે આગને, દીપક દેત બુઝાય.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મનુષ્ય જીવનની સાર્થકતા

અનુ–' અભ્યાસી '

આસ્તિકતા તથા નાસ્તિકતા વચ્ચે ઘણો જ થોડો તફાવત રહી ગયો છે. સવારથી સાંજ સુધી આપણે પ્રભુસ્મરણ કરીએ છીએ તે કોઇ નિશ્ચિત ઉદ્દેશથી જ કરીએ છીએ. આપણે પ્રભુ ઉપરની આપણી શ્રદ્ધાનો બદલો ઇચ્છીયે છીએ. એ બદલો નથી મળતો તો આપણી નજરથી તે ખસી જાય છે. આપણે વિચારવા લાગીએ છીએ કે–મેં પ્રભુની આટલી પૂજા કરી, આટઆટલી ભક્તિ–સેવા કરી, તથાપિ મારું કાર્ય ન થયું. ઇશ્વર છે કે નહિ અથવા તેનામાં મારું કાર્ય કરવાની શક્તિ છે કે નહિ એવી શંકા ઊઠે છે.

શ્રદ્ધાને ડગતા કેટલી વાર ? આપણે આપણી આસ્તિકતા જલ્દી ખોઇ બેસીએ છીએ. બીજી બાજુ આપણાં મનમાં એક વિકટ શંકા ઉત્પન્ન થાય છે. આપણે જ્યાં જ્યાં દૃષ્ટિ દોડાવીએ છીએ ત્યાં આપણને દેખાય છે કે–શાસ્ત્ર–ધર્મ પ્રમાણે ચાલનાર ઘણે ભાગે દુઃખી છે અને નાસ્તિક, નિર્દ્વંદ્વ, પાપ પુણ્યના વિચાર વગરના માણસો પ્રસન્ન, સુખી અને સાધનસંપન્ન હોય છે.

સુખ દુઃખ અને શાસ્ત્ર–ધર્મને શો સંબંધ ! સુખ દુઃખ તો નકામા શબ્દો છે. કોઇને ગોહત્યા કરવામાં સુખ [illegible] છે તો કોઇને ગોરક્ષા કરવામાં. કોઇને પેટભર ભોજનનું સુખ જોઇએ છીએ તો કોઇને વ્રતોપવાસમાં આનંદ મળે છે. એ રીતે દુઃખ પણ ભિન્ન ભિન્ન પ્રકારનું છે. અજ્ઞાનીને કુટુંબના કોઇ સ્વજનનું મૃત્યુ વિચલિત કરે છે, જ્ઞાનીને માટે એ બંધનમાંથી છૂટકારો માત્ર છે. ટૂંકામાં કહીએ તો સુખ દુઃખની કોઇ પરિભાષા નથી. વ્યક્તિ, સમાજ તથા સભ્યતાની સ્વાભાવિક વિભિન્નતામાં એની વ્યાખ્યા પણ ભિન્ન જ હોય છે.

પરંતુ કષ્ટની એક સીમા બતાવી શકાય છે. ખાવાપીવાનું, શરીરનું, કુટુંબપરિવારનું, પૈસાનું કષ્ટ દરેક સ્થળે બરાબર હોય છે. એનો વધારે ઓછો અનુભવ થઇ શકે છે. એ દષ્ટિથી જોઇએ તો માલૂમ પડશે કે–શાસ્ત્ર માનનાર અથવા ધર્મનિષ્ઠ લોકોને ક્યાંક વધારે દુઃખ છે અને પાપી લોકો સુખી તેમજ પ્રસન્ન છે.

શાસ્ત્ર અને ધર્મનો ઉદ્દેશ મોક્ષની પ્રાપ્તિ કરાવવાનો છે. મોક્ષ એને જ મળે છે કે જે સુખદુઃખનાં બંધનમાંથી બહાર નીકળી જાય છે. એ બંધનમાંથી બહાર નીકળવા માટે મોટી મોટી પરીક્ષાઓ આપવી પડે છે અને એ પરીક્ષાઓ પસાર કરીને જ ધર્માત્મા આગળ વધે છે. એટલા માટે તેવા લોકોને પરીક્ષાના પ્રસંગો મળ્યા કરે છે અને તેમાં ખરી કસોટીમાંથી પાર ઉતરીને ભગવાન તરફ ખેંચાય છે. આપણે લોકો પ્રભુની ભક્તિનું, પૂજાનું ફળ મેળવવાના સ્વપ્નો સેવીએ છીએ, તેથી જ શાસ્ત્રમાં માનનારના દુઃખ આપણને આશ્ચર્યમાં નાખી દે છે અને આપણે એવા વિચાર કરીએ છીએ કે આવું હોય તો નાસ્તિક રહેવું વધારે સારું છે. આપણે ઇશ્વરને આપણી હંમેશાની સમસ્યાનો ઉકેલ લાવનાર માનીએ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છીએ, પરંતુ એવી ગુલામીના બંધનમાં આપણા ઇષ્ટને જકડીને આપણે આપણી જાતને ઇશ્વરથી વિમુખ કરીએ છીએ. કામના તથા ઇચ્છાઓથી જકડાયલો આ સંસાર એટલો વિકટ છે કે એના બંધનથી આપણે છૂટી શકતા જ નથી.

જીવનની આખી કહાણી કામનાનો એક વિશાળ ઇતિહાસ છે. દરેક પ્રકારની આશા અને ઇચ્છાની વચમાં આપણે ભટકયા કરીએ છીએ, ભમ્યા કરીયે છીએ. પાશાના પાશમાં બંધાયલું આપણું જીવન અસ્થિર બની જાય છે. આશા પછી નિરાશા અને નિરાશા પછી આશાનું ચક્ર ચાલ્યા જ કરે છે. તેથી જ.

**आशाया ये दासास्ते दासाः सर्वलोकस्य ।**

અર્થાત્ જેઓ આશાના દાસ છે તેઓ દુનિયાના દાસ બની જાય છે. અને

**आशा येषां दासी तेषां दासायते लोकः ।**

જેણે આશાને પોતાની દાસી બનાવી લીધી તે સંસાર માત્રને પોતાનો દાસ બનાવી લે છે.

સંસારના સઘળાં પાપ આશા અથવા તૃષ્ણામાંથી જન્મે છે. જો મનુષ્ય પ્રભુ પ્રીત્યર્થે કામ કરે તો તે હંમેશના રાગ-વિરાગનાં બંધનથી બંધાઇ રહેશે નહિ. એટલા માટે જો આ જીવનને કેવળ મૃત્યુની ભૂમિકા માત્ર માની લેવામાં આવે અને એમ સમજવામાં આવે કે આજની જિંદગી આવતી કાલની મોતની નિશાની છે તો જીવનની તૃષ્ણા અવશ્યમેવ ઓછી થઇ શકે છે. સુખદુઃખની પરિભાષા બદલી શકાય છે અને આપણે કર્મના બંધનમાં બંધાઇ રહેવાને બદલે એમાંથી બહાર નીકળી શકશું.

કોઇ કવિએ સત્ય જ કહ્યું છે કે—

પૈગામ જિંદગીને દિયા મૌતકા મુઝે, મરનેકે ઇંતજારમેં જીના પડા મુઝે.

આપણે સૌ આપણા મૃત્યુની પ્રતીક્ષામાં જ જીવી રહ્યા છીએ, તેથી જ્યારે બધું કામ જીવવાનું નહિ કિંતુ મરવાનું છે તો મરણ પછીની યાત્રાની તૈયારી કરતાં રહેવું જોઇએ. જીવનની સમસ્યા તો જીવન સમાપ્ત થયા પછી શરૂ થાય છે. આપણાં શાસ્ત્રો આપણને એ સમસ્યાને હળવી કરવામાં મદદરૂપ બને છે. આ જીવનમાં શું કરીએ કે જેથી મૃત્યુ પછી પુનરાગમન ન થાય એ બતાવવું એ ધર્મશાસ્ત્રોનું કામ છે.

જીવનની સાર્થકતા પૈસા કમાવામાં, કીર્તિ મેળવવામાં કે મહાન નેતા બનવામાં નથી. સંસારની બધી વસ્તુઓ અહિં જ પડી રહે છે. મૃત્યુ પછીની લાંબી યાત્રામાં મુસાફરને એકલા જ જવું પડે છે. એ એકાંત પર્યટન વખતે તેનો એક માત્ર આધાર-આશ્રય ઇશ્વર જ છે. એ આશય માટે જ ઇશ્વર પાસે દયા, આશીર્વાદની ભિક્ષા માગવી જોઇએ. બીજી રીતે આ પાર્થિવ જીવનમાં મનુષ્યને શું જોઇએ ? પ્રસિદ્ધ તત્વચિંતક ટૉલ્સ્ટૉ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



-દરેક મનુષ્યને એટલી ભૂ-સંપત્તિ જોઇએ કે જેટલામાં એનું શબ દાટી શકાય. કહેવાની તાત્પર્ય એ છે કે-સંસારનું સઘળું ઐશ્વર્ય મિથ્યા છે-અસ્થાયી છે-ચાર દિવસની ચાંદની છે.

જીવનની સાર્થકતા તો આપણું કર્તવ્ય પૂર્ણ કરવામાં રહેલી છે તેમજ સત્ય બોલવામાં તે સત્ય આચરવામાં રહેલી છે. કહ્યું છે કે 'પ્રાણ જાહિ અરુ વચન ન જાહિ.'

એક અંગ્રેજી કવિએ સુંદર શબ્દોમાં કહ્યું છે કે—

If I can ease one life its aching,
Or brush away one pain;

If I can stop one heart from breaking,
I'll not have lived in vain.

If I can help one failing brother,
Into his strength again.

If I can calm one fretted mother,
I'll not have lived in vain.

'જો હું કોઈ દુ:ખી મનુષ્યનું એક પણ દુ:ખ દૂર કરી શકું અથવા એક પણ વ્યક્તિની પીડા ઓછી કરી શકું અથવા હું એક પણ હૃદયને દુ:ખથી ભગ્ન થઇ જતાં રોકી શકું તો મારું જીવન નિરર્થક નહિ જાય. જો હું મારા એક પણ ભાઇને તેની દુર્બલતા દૂર કરવામાં મદદગાર થઇ શકું અથવા કોઇ આર્ત્ત માતાને શાંત કરી શકું તો મારું જીવન નિરર્થક નહિ સમજું.'

જીવનનું લક્ષ્ય તો એ હોવું જોઇએ કે જે વિકારોએ પ્રાણી માત્રને ગ્રસેલ છે તેનાથી આપણે છૂટી જઇએ. ભગવાન મહાવીરના આ શબ્દો ન ભૂલીએ.

कोहो पीइं पणासेइ माणो विनयनासणो।
माया मित्ताणि नासेइ लोभो सव्वविणासणो॥

'ક્રોધ પ્રીતિને, માન વિનયને, માયા મિત્રતાને નષ્ટ કરી દે છે; પરંતુ લોભ સઘળું નષ્ટ કરી દે છે. એટલા માટે—

उवसमेण हणे कोहं माणं मद्दवया जिणे।
मायं मज्जवभावेण लोभं संतोसओ जिणे॥

અર્થાત્ શાંતિથી ક્રોધને, નમ્રતાથી અભિમાનને, સરલતાથી માયાને અને સંતોષથી લોભને જીતવો.

પરંતુ આપણામાં એવું કરવાની શક્તિ તથા બુદ્ધિ ત્યારે જ આવશે કે જ્યારે આપણે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પ્રભુ મહાવીર અને રાજા શ્રેણિક

લેખક—ડૉ. ત્રિભુવનદાસ લહેરચંદ શાહ-વડોદરા

**સમયકાળનિર્ણય—**

રાજા શ્રેણિક શિશુનાગ વંશના હતા.

